# <u>સ્ટેટ એગ્રીકલ્ચર લીડરશીપ એવોર્ડ ૨૦૦૯</u>

રાજ્યની વિકાસલક્ષી નિતીઓ તથા સરકારશ્રીના ગ્રામ અને કૃષિ વિકાસના લીધેલા વિવિધ પગલાંઓના કારણે રાજ્યએ તાજેતરના વર્ષોમાં કૃષિ વિકાસમાં હરણફાળ ભરી છે. જેની દેશ તથા વિશ્વ કક્ષાએ વિવિધ સ્તરે નોંધ લેવાઈ રહી છે.

૨. તાજેતરમાં તારીખ ૪/૯/૨૦૦૯ ના રોજ નવી દિલ્હી ખાતે આયોજન પંચના ઉપાધ્યક્ષ માનનીય ડૉ. મોંટેકસિંહ અહલુવાલીયાના વરદ હસ્તે, રાજ્યના અગ્ર સચિવશ્રી કૃષિને રાજ્યના ઈનોવેટીવ અને ખેડુતલક્ષી કૃષિ વિકાસના કાર્યક્રમોના કારણે થયેલ કૃષિ વિકાસ માટે '**સ્ટેટ એગ્રીકલ્ચર લીડરશીપ એવોર્ડ ૨૦૦૯**' એનાયત કરવામાં આવેલ છે.



૩. આ એગ્રીકલ્ચર લીડરશીપ એવોર્ડ રાષ્ટ્રીય કક્ષાના અગ્રણી કૃષિ મેગેજીન **એગ્રીકલ્ચર ટુડે** તરફથી વર્ષ ૨૦૦૮ થી સ્પોન્સર કરવામાં આવે છે. જે હેઠળ કૃષિ પોલીસી, ઇન્ડસ્ટ્રી, રીસર્ચ, ફાર્મીંગ, ડેવલોપમેંટ લીડરશીપ, બેસ્ટ એગ્રીકલ્ચર સ્ટેટ તેમજ લાઇફ ટાઇમ એચીવમેંટ માટે એવોર્ડ એનાયત કરવામાં આવે છે. આ પ્રકારનો એવોર્ડ અગાઉ ૨૦૦૮ ના વર્ષ માં આંધ્રપ્રદેશ રાજ્યને આપવામાં આવ્યો હતો.

૪. રાજ્ય તરફથી એવોર્ડ માટે રાજ્યના છેલ્લા ૫-૬ વર્ષોના કૃષિ વિકાસ માટેના પ્રયાસો, જેવાકે કૃષિ મહોત્સવ, જળ સંચય, સોઈલ હેલ્થ કાર્ડ, ઈ-ગ્રામ, જ્યોતિ ગ્રામ, શિક્ષણ અને ડેરી વિકાસ તથા ગ્રામ્ય કક્ષાએ માળખાકીય સુવિધાઓના કારણે થયેલ કૃષિ વિકાસને આવરી લઈ નોમીનેશન મોકલી આપવામાં આવેલ હતું.

૫. આ એવોર્ડ માટે કૃષિ વિસ્તરણ, સંશોધન, માર્કેટ લીંકેજ અને કૃષિના ઉત્પાદનમાં તથા ગુણવત્તામાં વધારો. રાજ્યની લોકપ્રિય નિતી, મુડી રોકાણને પ્રોત્સાહન, વિકાસની નવી દિશા તથા તેની ખેડુતોના જીવન ઉપર અસર,અને તેના કારણે ગ્રામ્ય દેવામાં ઘટાડો અને સમૃધ્ધિમાં વધારો થયેલ હોવાની નોંધ લેવાઈ છે.

૬. એવોર્ડ નક્કી કરવા માટેની કમીટીમાં સદર એવોર્ડની પસંદગી માટે દ્રી-સ્તરીય કમીટીની રચના કરવામાં આવે છે. પ્રથમ એવોર્ડ સબ કમીટી મારફત સ્ક્રીનીંગ થયા બાદ ફાઈનલ સીલેક્શન માટે ત્રણ નામ નેશનલ કમીટી સમક્ષ રજુ કરવામાં આવે છે. એવોર્ડ કમીટીમાં દેશ ભરના કૃષિ તથા સંલગ્ન ક્ષેત્રના તજજ્ઞોનો સમાવેશ કરાયેલ છે. જેના અધ્યક્ષ તરીકે હરીયાણા રાજ્યના રાજ્યપાલ મહા મહીમ **ડૉ. એ. આર. કીડવાઇ** છે. આમ દેશના ઉચ્ચ કક્ષાના મહાનુભાવો મારફત રાજ્યના કૃષિ વિકાસની રાષ્ટ્ર કક્ષાએ નોંધ લેવાઈ છે અને રાજ્યના કૃષિ વિકાસના પ્રયત્નોને પ્રોત્સાહીત કરવામાં આવેલા છે. જે રાજ્ય માટે ગૌરવની બાબત છે તથા ભવિષ્યની પ્રગતિ માટે માર્ગદર્શક સમાન છે.

૭. **એગ્રીકલ્ચર લીડરશીપ એવોર્ડ ૨૦૦૯** હેઠળ વિવિધ કેટેગરીમા નકકી કરવામાં આવેલ જે એવોર્ડ જાહેર થયેલ છે તેની વિગતો નીચે મુજબ છે

| | | |
|---|---|---|
| ૧. | રીસર્ચ લીડરશીપ એવોર્ડ | ઈન્ડીયન એગ્રીકલ્ચર રીસર્ચ ઈંસ્ટીટ્યુટ, પૂસા |
| ૨. | લાઈફ ટાઈમ એચીવમેંટ એવોર્ડ | શ્રી વાય. સી. નંદા, ફાધર ઓફ માઇક્રો ફાઇનાન્સ |
| ૩. | રીસર્ચ લીડરશીપ એવોર્ડ | પ્રો. રામ બદનસિંધ, ડાયરેકટર ઓફ આઈ.એ.આર. આઇ. |
| ૪. | રીસર્ચ લીડરશીપ એવોર્ડ | પ્રો. પંજાબસિંધ, રીસર્ચ સાઇન્ટીસ્ટ અને વાઇસ ચાન્સેલર બનારસ હીન્દુ યુની. |
| ૫. | લાઈફ ટાઈમ એચીવમેંટ એવોર્ડ | ડૉ. એમ. મહાદેવપ્પા, રીસર્ચ સાઇન્ટીસ્ટ |
| ૬. | કોર્પોરેટ લીડરશીપ એવોર્ડ | બાયર બાયો સાયન્સ પ્રા. લી. |
| ૭. | કોર્પોરેટ લીડરશીપ એવોર્ડ | મહીન્દ્રા & મહીન્દ્રા લી. ફામ ઇકવીપ્મેન્ટ |
| ૮. | એન્વાયરોમેંટ લીડરશીપ એવોર્ડ | ધી એનર્જી એન્ડ રીસોર્સીસ ઈંસ્ટીટ્યુટ, **ટેરી** |
| ૯. | ફાર્મીંગ લીડરશીપ એવોર્ડ | શ્રી સોપન કંચન, ખેડૂત આગેવાન |
| ૧૦. | કોર્પોરેટ લીડરશીપ એવોર્ડ | આર્યુવેટ લી. |
| ૧૧. | ધી બેસ્ટ પર્ફોમીંગ એગ્રીકલ્ચર સ્ટેટ એવોર્ડ | મહારાષ્ટ્ર રાજય |
| **૧૨.** | **સ્ટેટ એગ્રીકલ્ચર લીડરશીપ એવોર્ડ** | **ગુજરાત રાજય** |
| ૧૩. | ફાર્મીંગ લીડરશીપ એવોર્ડ | ડૉ. ઈ.વેડીવેલ, તામીલનાડુ એગ્રી.યુની. |
| ૧૪. | ડેવલોપમેન્ટ લીડરશીપ એવોર્ડ | ધાનુકા એગ્રીટેક લી. |
| ૧૫. | સી. એસ. આર. લીડરશીપ એવોર્ડ | સર. રતન ટાટા ટ્રસ્ટ |
| ૧૬. | પૉલીસી લીડરશીપ એવોર્ડ | ડૉ. બલરામ જાખર |
| ૧૭. | ડેવલોપમેન્ટ લીડરશીપ એવોર્ડ | ધી નેશનલ ડેરી ડેવેલોપમેન્ટ બોર્ડ |
| ૧૮. | સ્ટેટ લીડરશીપ એવોર્ડ | સ્ટેટ ઓફ સિક્કીમ |
| ૧૯. | ડેવલોપમેન્ટ લીડરશીપ એવોર્ડ | એગ્રીકલ્ચર ઈન્સ્યોરંસ કંપની ઓફ ઈંડીયા લી. |